ગાંધીનગર સમાચાર

# ૨૦ નપામાં ભાજપના પ્રમુખ અને ઉપપ્રમુખ નિમાયા

અમદાવાદ, તા.૧૨

પ્રદેશ પ્રવક્તા આઈ કે જાડેજાએ જણાવ્યું હતું કે, આજરોજ ૧૮ જીલ્લાની ૨૦ જેટલી નગરપાલિકાઓમાં ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ-ઉપપ્રમુખ ચૂંટાઈ આવ્યા હતા અને ભાજપા શાસિત નગરપાલિકા બની છે. જાડેજાએ જણાવ્યું હતું કે, અમદાવાદ જીલ્લાની વિરમગામ, બોપલ તથા અન્ય જીલ્લાઓની સચિન, નડીયાદ, હિંમતનગર, ગાંધીધામ, માંડવી, વેરાવળ, દાહોદ એમ કુલ ૯ નગરપાલિકાઓમાં ભાજપાના ઉમેદવારો પ્રમુખ-ઉપપ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. અમદાવાદ જીલ્લાની વિરમગામ નગરપાલિકામાં ભાજપાએ સત્તાના સુત્રો સંભાળ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૫૬ નગરપાલિકાઓની ચૂંટણી યોજાઈ હતી તે પૈકી ભાજપા ૪૫ જેટલી નગરપાલિકાઓ ભાજપા શાસિત બનશે. પ્રદેશ અધ્યક્ષ આર.સી.ફળદુએ તેમજ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે નગરપાલિકા પ્રમુખ-ઉપપ્રમુખને અભિનંદન આપતા જણાવેલ કે, શહેરી ક્ષેત્રમાં ભાજપને પ્રાપ્ત થયેલ વ્યવસ્થા દ્વારા રાજય સરકારની યોજનાઓ ઘર ઘર સુધી પહોંચાડીએ અને જનહિતના વિકાસના કામો કરીએ.

| જીલ્લો/મહાનગર | એકમનું નામ | પ્રમુખ | ઉપપ્રમુખ |
|---|---|---|---|
| નવસારી | નવસારી | અલ્કાબેન દેસાઈ | અશ્વિનભાઈ કાસુન્દ્રા |
| સુરત જી. | સચિન | જયરાજકુંવરબા સોલંકી | દેવજીભાઈ નાયકા |
| તાપી | વ્યારા | દિપાલીબેન પાટીલ | મેહરનોશ જોષી |
| ભરૂચ જી. | ભરૂચ | આર.વી.પટેલ | પ્રફુલ્લાબેન દુધવાલા |
| દાહોદ | દાહોદ | સંયુક્તાબેન મોદી | ગુલશનભાઈ બચાણી |
| સાબરકાંઠા જી. | હિમતનગર નપા | નિલાબેન પટેલ | અનિરૂદ્ધભાઈ પટેલ |
| કચ્છ | ગાંધીધામ | ગીતાબેન ગણાત્રા | કાનજીભાઈ સોની |
| કચ્છ | માંડવી | સુજાતાબેન ભાયાણી | નરેનભાઈ સોની |
| જુનાગઢ | કેશોદ | લાભુબેન પીપલીયા | કૈલાશભાઈ ઠકરાર |
| ગીરસોમનાથ | વેરાવળ-પાટણ | જગદીશભાઈ ફોફંડી | જયદેવભાઈ જાની |
| ભાવનગર જી. | મહુવા | જીતુબેન ગોહિલ | ગૌરાંગભાઈ રાઠોડ |
| બોટાદ | બોટાદ | બીનાબેન મહેતા | કિશોરભાઈ ચૌહાણ |
| સુરેન્દ્રનગર | લીંબડી | નાનુબેન ચાવડા | શાંતિલાલ ચૌહાણ |
| આણંદ | ખંભાત | પરીમલાબેન શાહ | રાજેશભાઈ રાણા |
| બનાસકાંઠા જી. | ડીસા નપા | પ્રવિણભાઈ માળી | ઉષાબેન મેવાડા |
| અમદાવાદ જી. | વિરમગામ નપા | કાંતિભાઈ પટેલ | નવદીપભાઈ ડોડિયા |
| અમદાવાદ જી. | બોપલ નપા | બિપીનભાઈ શેલાર | જીગીશાબેન શાહ |
| ગાંધીનગર જી. | કલોલ નપા | આનંદીબેન પટેલ | શૈલેન્દ્રસિંહ વાઘેલા |
| ખેડા જી. | નડીયાદ | હિતેશભાઈ પટેલ | બિનતા દેસાઈ |
| રાજકોટ | ગોંડલ | રીનાબેન ભોજાણી | અશોકભાઈ પીપળીયા |

## ગાંધીનગર ઠંડુગાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઠંડીનો પારો ૭ ડીગ્રીએ પહોંચી જતા ગાંધીનગરાઓ માટે આજે સિઝનનો અત્યાર સુધીનો સૌથી ઠંડો દિવસ પુરવાર થયો હતો. રાજ્યમાં ઠંડીની દષ્ટિએ પ્રથમ ક્રમે નલિયામાં ૬.૮ ડીગ્રી તાપમાન નોધાયું હતું. જ્યારે બીજા ક્રમે ૭ ડીગ્રી સાથે ગાંધીનગર ઠંડુગાર શહેર હોવાનો અનુભવ નગરજનોએ કર્યો હતો. અમદાવાદમાં પણ લઘુત્તમ તાપમાન ૮.૫ ડીગ્રી રહ્યું હતું. શહેરમાં ઠંડીનો પારો ગગડતા નગરજનો અસહ્ય ઠંડીની ગિરફતમાં આવી ગયા હતા. વહેલી સવારથી જ નગરજનોએ આક્રમક ઠંડીનો અહેસાસ કર્યો હતો. શહેરમાં ઠંડીનું મોજુ ફરી વળતા જનજીવન પણ કોલ્ડવેવથી પ્રભાવિત થયું હતું. સાંજ ઢળતા જ ઠંડીની અસરથી નગરના માર્ગોપર સુનકાર પ્રવર્ત્યોહતો. અત્યાર સુધી ગરમીથી અકળાતા નગરજનો ઠંડીના તરખાટથી ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા જોવા મળ્યા હતા. આક્રમક ઠંડીના લીધે શહેરના શ્રમજીવીઓની હાલત પણ કફોડી બની હતી. છેલ્લા ૪૮ કલાકમાં મૌસમમાં નાટ્યાત્મક પળો જોવા મળતા ઠંડીનો મિજાજ નગરજનોમાં ટોક ઓફ ધ ટાઉન રહ્યો હતો.

## ઈ-ઓક્શન કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે વનતંત્ર દ્વારા ટૂંકમાં હરાજી કરવામાં આવશે. લાકડાની હરાજી માટે જિલ્લા વનતંત્ર દ્વારા પ્રથમવાર ઈ-હરાજી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. દાયકા અગાઉ ગાંધીનગર વર્તુળના તત્કાલીન સી.સી.એફ. દ્વારા પણ ઈ-ઓકશન માટે રજુઆત કરવામાં આવી હતી. અન્ય મોટા શહેરોની જેમ જિલ્લા વન તંત્ર કક્ષાએ પણ ઈ-ઓકશન કરવા માટે જરૂરી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. હરાજીના અંતે વનવિભાગને લાખો રૂપિયાની આવક થાય તેવી સંભાવના છે.

## કાતિલ ઠંડી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રજાનો આનંદ ઘરમાં પુરાઈ રહીને જ માણ્યો હતો. હવામાન વિભાગે હજુ પણ અમદાવાદ સહિત ગુજરાતભરમાં આગામી બે દિવસમાં કોલ્ડવેવની ચેતવણી જાહેર કરી છે. પરિણામે રાજયને હજુ ભીષણ ઠંડીનો સામનો કરવો પડશે તેવા સંકેતો મળી રહ્યા છે. ડિસેમ્બરના બીજા સપ્તાહના અંતમાં શરૂ થયેલી કડકડતી ઠંડીના દિવસો હવે લાંબા ચાલે તેમ જણાઈ છે. પરિણામે ગરમ વસ્ત્રોની માર્કેટમાં પણ ભારે ઘરાકી જોવા મળી રહી છે. રાજયના જુદાજુદા શહેરોમાં ફુટપાથ ઉપર સુઈ રહેતા ભિક્ષુકો અને ગરીબોને ગરમ વસ્ત્રોનું દાન કરવાની ગુજરાતમાં વર્ષોથી પરંપરા રહી છે. જે અનુસાર કેટલાક દાતાઓએ ગઈરાતથી જ ફુટપાથ ઉપર સુતેલા લોકોને ધાબળાનું વિતરણ શરૂ કરી દીધું હતું. ઉત્તર ભારતમાં બર્ફીલા પવનની સાથે સાથે ગુજરાતમાં પણ કેટલાક સ્થળોએ વાતાવરણમાં એકાએક પલ્ટો આવતાં કમોસમી માવઠાના પણ અણસાર મળી રહ્યાં છે.



સ્વચ્છતા માટે કથા : બહારની સ્વચ્છતા અને ભીતરની પ્રવિત્રતાના ઉદ્દેશ સાથે અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે પૂ. મોરારી બાપુની રામ કથા શનિવારની સાંજથી આરંભાઈ. તુલસી વલ્લભનિધિ ટ્રસ્ટના ઉપક્રમે આરંભાયેલી રામકથામાં પૂ. બાપુને ભાવિકોએ ભાવપૂર્વક આવકાર્યા હતા અને કથાના ભક્તિમય માહોલમાં શરૂઆત થઈ હતી. કથા મંડપમાં ચટાન પર સૂતેલા હનુમાનજીની પ્રતિમાએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. વિદેશી મહેમાનો પણ મોટી સંખ્યામાં કથા શ્રવણ માટે ઉમટ્યા છે. આગામી આઠ દિવસ અમદાવાદમાં ભાવભક્તિનો માહોલ છવાશે.

# રૂફટોપ સોલર ઈન્સ્ટોલર્સ માટે ‘ટ્રેઈન ધ ટ્રેઈનર્સ’ વર્કશોપ યોજાયો

ગુજરાત એનર્જી રિચર્સ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ (જીઈઆર એમઆઈ) ગાંધીનગરમાં રૂફ ટોપ ફોટોવોલેટીક ઈન્સ્ટોલર્સને તાલિમ આપતો સૌ પ્રથમ નેશનલ સર્ટિફિકેશન પ્રોગ્રામ ગાંધીનગમરાં શરૂ કરી રહી છે. આ તાલીમ કાર્યક્રમનો ઉદ્દેશ દેશમાં ૧૦૦ પાર્ટનરીંગ ટ્રેઈનીંગ સેન્ટર સ્થાપવાનો છે. જે આગળ જતાં દર વર્ષે ૧૦,૦૦૦ રૂફટોપ સોલર ટેકનિશ્યન્સને તાલીમ આપશે, જેથી ભારતના દૂર દૂરના સ્થળોને આધુનિક સોલર ટેકનોલોજી અને સ્ટાન્ડર્ડઝ સાથે જોડી શકાય.

ભારત સરકારે તાજેતરમાં સૌર ઉર્જાનો લક્ષ્યાંક ૨૦ ગીગા વોટ (જીડબલ્યુ) થઈ વધારીને ૧૦૦ ગીગા વોટ (જીડબલ્યુ) કર્યો છે, જેમાંથી ૪૦ ગીગા વોટનું યોગદાન રૂફટોપ સોલર સિસ્ટમ મારફતે મળશે. આ લક્ષ્યાંક પૂરો કરવામાં સહયોગ આપવા માટનો ભારતને વર્ષ ૨૦૨૨ સુધીમાં અંદાજે ૧૩ લાખ ઈન્સ્ટોલરની જરૂર પડશે. વ્યાપક સ્તરના (લાર્જ સ્કેલ) ગ્રીડ કનેક્ટેડ સોલર પાવર પ્રોજેક્ટસ માટે ગુણવત્તાનું આકરૂ નિયંત્રણ જરૂરી બનશે. હાલમાં રૂફ ટોપના ક્ષેત્રે નબળી તાલીમ પામેલા ટેકનિશ્યન અને નોન-સ્ટાન્ડર્ડ ઈન્સ્ટોલેશન પ્રોસેસને કારણે ગુણવત્તાનો અભાવ વર્તાઈ રહ્યો છે. આથી જમીનો રૂફટોપ પ્રોગ્રામ વહિવટી તંત્ર, પ્રોજેક્ટ ડેવલપર્સ, ઉદ્યોગ અને નોકરી શોધતા યુવાનો માટે તાકીદની જરૂરીયાત છે. જર્મી ખાતે યોજાનાર આ ટ્રેઈન ધ ટ્રેઈનર વર્કશોપમા ટેકનિક્સ કન્સેપ્ટસ, ઉપરાંત તાલિમમાં સોફટ સ્કીલ અને ઉદ્યોગ સાહસિકતાનો પણ સમન્વય કરાયો છે. ક્લાસરૂમની તાલીમને પૂરક અને તે રીતે વિસ્તૃત પ્રેક્ટીકલ તાલિમ પણ અપાશે.

# બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી પર શેતરંજી ખરીદીમાં કૌભાંડનો આક્ષેપ

**જિલ્લાની ૨૩૦૦ શાળાઓના ઓરડા દીઠ ૫૦૦ના હિસાબે રૂપિયા ૩.૫ કરોડની ગ્રાન્ટમાં ભ્રષ્ટાચાર : આચાર્યોને ફોસલાવી-ધમકાવી કોરા ચેકો પર સહી કરાવી લેવાઈ**

પાટણ, તા. ૧૨

બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શિક્ષણાધિકારીની મીલીભગતથી શાળાના ઓરડાઓ માટે શેતરંજી ખરીદવાની ગ્રાન્ટમાં મોટો ભ્રષ્ટાચાર આચરાયો હોવાની રાવ ઉઠવા પામી છે. લાખણીના રહેવાસી ભરતકુમાર કાળુરામ દ્વારા રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલનો આ ભ્રષ્ટાચાર અંગે તપાસ કરવા માંગ કરતો પત્ર લખવામાં આવ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કુલ ૨૩૦૦ શાળાઓ માટે સાડા ત્રણ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટ પર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની નજર બગડતા દિવાળી પછી મોટો લાભ કરવાની દાનતથી શિક્ષણાધિકારીએ બીઆસીઓ દ્વારા તાલુકાના સીઆસીરીન્યુની બેઠકો બોલાવી તેમાં દરેક શાળાના આચાર્ય પાસેથી શેતરંજી ખરીદી માટે કોરા ચેકો સહી કરાવી લીધા છે. તથા આ બાબત અંગે એસએમસીને અંધારામાં રાખી ઠરાવો કરી લીધા છે. તે બાબતનો આક્ષેપ પત્રમાં કરાયો છે. શિક્ષણાધિકારીએ શામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાવતા આચાર્યોને ૨૫ ટકા ભાગની લાલચ આપી કોરા ચેકો સહી કરાવ્યા છે તથા જે નિષ્ઠાવાન આચાર્યોએ કોરા ચેક આપવાનો ઈન્કાર કર્યો તેમના વિરૂદ્ધ તપાસની ધમકીઓ પણ આપી છે. શેતરંજી ખરીદી માટે જિલ્લા મથકના નામાંકિત સ્ટેશનરીના દુકાનદાર સાથે સેટીંગ ગોઠવી કૌભાંડ આચરવાનું કૃત્ય એજન્ટો મારફતે પાર પડાઈ રહ્યું હોવાની શંકા સાથે ફરિયાદીએ મુખ્યમંત્રી સમક્ષ તપાસની રાવ નાખી છે.

## હવાનું પ્રદૂષણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભૂરેલાલ કમિટીના અહેવાલ પછી પેટ્રોલ-ડીઝલના બદલે સી.એન.જી.નો વિકલ્પ આવ્યો હતો. સરકારે પણ શરૂઆતમાં સરકારી વાહનો સી.એન.જી.માં રૂપાંતરિત કરાશે તેવી જાહેરાતો કરી હતી જે વાતો કાગળ પર જ રહી ગઈ છે.

સરકારી વાહનોની સંખ્યામાં પણ વધારો થયો છે તેમજ ખાનગી વાહનોની સંખ્યામાં પણ એનાથી વધુ વધારો નોંધાયો છે. ગાંધીનગર શહેરમાં એર પોલ્યુશન નિયંત્રણ માટે કોઈજ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી અને ૪૫ વર્ષના આ શહેરમાં ક્યારેય કોઈ પગલાં લેવાયા નથી.

ગાંધીનગર ચિલોડા જવાના માર્ગ પર પ્લાસ્ટીકને સળગાવી અને હવાનું પ્રદૂષણ કરાય છે તેને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે પણ નાથવાની કોઈ દરકાર કરી હોય તેવું જણાયુ નથી.

ધુમાડો ઓકતા વાહનો નગરના મુખ્ય માર્ગો પર ખુલ્લેઆમ ફરી રહ્યા છે. શહેરમાં જીઈબીના પ્રદૂષણથી સે. ૨૮, ૨૯, ૩૦ અને સે. ૨૨ સૌથી વધુ પ્રભાવિત વિસ્તારો તરીકે પણ જાણીતા બન્યા છે.

શહેરમાં હવાના પ્રદૂષણને નાથવા માટે ૨૦૦૧-૦૨માં એક્શન પ્લાન પણ તૈયાર કરાયો હતો પરંતુ તે પ્લાન પણ અભેરાઈએ મુકાઈ ગયો છે.

શહેરમાં આરટીઓ, પોલીસ તેમજ વહીવટતંત્ર વચ્ચે એર પોલ્યુશન એક્ટના અમલ માટે થઈ સંયુક્ત બેઠક છેલ્લા દસકામાં થઈ હોય તેવું પણ ધ્યાને આવ્યું નથી. તાકીદે શહેરમાં વધતા જતા હવાના પ્રદૂષણને નાથવાના પગલાં લેવામાં આવે તેવી લોકોમાં માંગણી ઉઠવા પામી છે.

## ઊંઝા નગરપાલિકા... ● પાંચમા પાનાનું ચાલુ

પાલિકાના સદસ્યોએ પાલિકાના હોદ્દારોની ચૂંટણીમાં વિજયી ઉમેદવારોના ટેકામાં મત આપી પોતાની એકતા સિદ્ધ કરી બતાવી હતી. ચૂંટણી સમયે જયસરદાર, જય પાટીદારના નામવાળી ટોપીઓ પહેરેલ મોટા ભાગના સદસ્યોએ નારા લગાવ્યા હતા.

પાલિકાના હોદેદારોની ચૂંટણીમાં પાટીદાર અનામત આંદોલનનો મુદ્દો મુખ્ય બન્યો હોય તેમ ભાજપ સમર્પિત ઉમેદવારોની ચૂંટણીમાં બુરી હાર થતાં ઊંઝા શહેર અને તાલુકાના ભાજપના પ્રજાના પ્રતિનિધિઓ, આગેવાનોના પાલિકામાં પુનઃ સત્તા કબજે કરવાના મરણીયા પ્રયાસો નિષ્ફળ સાબિત થયા હતા. પાલિકાના હોદેદારોની ચૂંટણીમાં ભાજપના આગેવાનો દ્વારા છેલ્લી ઘડી સુધી એડીચોટીનું જોર લગાવવામાં આવ્યું હતું.

## કોલ્ડવેવ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પડ્યો હતો. આ સ્થિતિ હાલમાં યથાવત રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. બીજી બાજુ રાજસ્થાનના અજમેરમાં લઘુત્તમ તાપમાન ૯.૪ ડિગ્રી રહ્યું હતું. રાજસ્થાનના અન્ય ભાગોમાં પણ અનેક વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૧૦થી નીચે પહોંચી ગયું હતું. રાજ્યમાં કાતિલ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ધુમ્મસની ચાદર ચારેબાજુ જોવા મળી રહી છે જેથી અકસ્માતો વધવાનો ખતરો ઉભો થઈ ગયો છે. કોલ્ડવેવ વધુ તીવ્ર બનતા તાપમાનમાં ઘટાડો થયો છે.

સિમલામાં લઘુત્તમ તાપમાન છ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. જમ્મુ કાશ્મીર અને હિમાચલમાં હિમવર્ષાની સીધી અસર થઈ છે. દિલ્હીમાં ધુમ્મસની ચાદર છવાઈ છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીરના ઉંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ છે. જેના કારણે શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય રાજમાર્ગને બંધ કરી દેવાની ફરજ પડી છે. બીજી બાજુ પંજાબની આસપાસના વિસ્તારોમાં પણ વરસાદ થયો છે. ધુમ્મસના કારણે કેટલીક ટ્રેનો પણ મોડે પડી રહી છે. શ્રનીગર- જમ્મુ રાષ્ટ્રીય રાજમાર્ગને બંધ કરી દેવામાં આવ્યા બાદ મોટી સંખ્યામાં લોકો અટવાયેલા છે. કાશ્મીરના વિવિધ ભાગોમાં તાપમાન શુન્યથી નીચે પહોંચી ગયુ છે. ધુમ્મસની અસર જોવા મળી રહી છે. આગામી દિવસોમાં ઠંડીના પ્રમાણમાં વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે.

## અંગ્રેજી ભણાવવા... ● ત્રીજા પાનાનું ચાલુ

છે કે, અમે પહેલા ધોરણથી અથવા તો આંગણવાડીમાં અંગ્રેજી ભાષાને રજૂ કરવાને સૂચનને અમલી બનાવવા ગંભીરતાપૂર્વક વિચારી રહ્યા છે.

જો કે, અંતિમ મંજુરી મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા લેવામાં આવશે. પ્રધાને કહ્યું હતું કે, રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા પદ્ધતિ ઉપર વિચારણા ચાલી રહી છે. ગણિત અને વિજ્ઞાનને યોગ્ય રીતે રજૂ કરવાની હિલચાલ પણ ચાલી રહી છે. ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને લાંબા ગાળે કોઈ તકલીફ ન પડે તે હેતુસર આ હિલચાલ ચાલી રહી છે. ઉચ્ચ શિક્ષણ મોટાભાગે અંગ્રેજીના હોય છે જેથી લાંબા ગાળે ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને તકલીફ પડે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ ૨૦૦૭માં અંગ્રેજી ભાષાની તકલીફમાંથી લોકોને બહાર નિકળવા માટે કહ્યું હતું. ગુજરાતી વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષામાં ખુબ નબળા રહે છે. આ હિલચાલને ખુબ જ અસરકારક ગણવામાં આવે છે.

## વન્યસૃષ્ટિ પરિચય (૪ પાનાનું ચાલુ...)

માઈલ જેટલું અંતર કાપે છે. કેટલીક જાતો દરરોજ ૫૦૦ માઈલ જેટલું અંતર ખોરાક મેળવવા માટે કાપે છે. યુરોપ અને એશિયામાં જોવામાં ક્રેન જાતિના પક્ષીઓ તેમાં પણ ખાસ કરીને યુરેશિયન ક્રેન ૩૦,૦૦૦ થી ૩૩,૦૦૦ ફૂટ જેટલી ઊંચાઈ એ ઉડે છે. ઊંડતી વખતે સમુહમાં તે V- વી આકારની પદ્ધતિ અપનાવે છે. વિશ્વના સુંદરતમ પક્ષીઓના આ કુળના વાસ સ્થાનો નાશ પામવાથી તથા પાલતું બનાવવા માટે અને શિકારને કારણે તે ભય હેઠળ મુકાયેલા છે. તેની રક્ષા આપણાં સહુની જવાબદારી બને છે.

## જાહેરાત

મદદનીશ કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ અમદાવાદ હસ્તકના ગાંધીનગર જિલ્લામાં આદિજાતિ પરિવારોના વિદ્યાર્થીઓ માટે નીચે મુજબની શૈક્ષણિક યોજનાઓના વર્ષ-૨૦૧૫૧૬માં લાભ મેળવવા માટે વિદ્યાર્થીઓ / શાળાના આચાર્યશ્રીઓને જાણ કરવામાં આવે છે.

**૧. ટેબલેટ સહાય યોજના :** જે વિદ્યાર્થીઓએ માર્ચ-૨૦૧૫માં ધો-૧૨ની પરીક્ષા પાસ કરેલ હોઈ અને ૭૦%થી વધુ માર્કસ મેળવેલ હોઈ તથા હાલ આગળનો અભ્યાસ ચાલુ હોઈ તેવા વિદ્યાર્થીઓને મા-બાપ / વાલીની આવક ધ્યાને લીધા સિવાય વિનામૂલ્યે ટેબલેટ સહાયનો લાભ મળવાપાત્ર રહેશે.

**૨. ગુજકેટ અને જે.ઈ.ઈ. માટે ફ્રી કોચીંગ વર્ગો :** ધો.૧૧, ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા અને ધો.૧૦માં ૭૦%થી વધુ માર્કસ મેળવેલ હોય તેવા તમામ આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ગુજકેટ અને જે.ઈ.ઈ. પરીક્ષાની પૂર્વ તૈયારી માટે ફ્રી કોચીંગ વર્ગોનો લાભ મેળવવા માટે આદર્શ નિવાસી શાળા, નવજ્યોત સ્કુલના કમ્પાઉન્ડમાં, વ્યાસવાડી, નવાવાડજ ખાતે રૂબરૂ હાજર રહી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

**૩. શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય :** ધો.૧ થી ૧૦માં અભ્યાસ કરતાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે રાજ્ય તથા કેન્દ્ર સરકારની શિષ્યવૃત્તિ તથા ગણવેશ યોજનાનો લાભ મેળવવાનો બાકી હોય તો વિદ્યાર્થીઓએ શાળાના આચાર્યશ્રીને જરૂરી દરખાસ્ત માટેના દસ્તાવેજો જમા કરાવી દેવા. શાળાના આચાર્યશ્રીએ આ દરખાસ્ત સંકલિત કરી દિન-૭માં નીચેના સરનામે પહોંચતી કરવાની રહેશે. તમામ શાળાના આચાર્યશ્રીઓએ તેઓની શાળામાં આદિજાતિના કોઈ વિદ્યાર્થી શિષ્યવૃત્તિ ગણવેશના લાભથી વંચિત ન રહે તેની ખરાઈ કરવાની રહેશે.

ટેબલેટ, શિષ્યવૃત્તિ અને ગણવેશ માટે સરકારી તાલીમ કેન્દ્ર, સેક્ટર-૧૨, જ-ટાઈપ, ગાંધીનગરનો સંપર્ક કરવો.

મદદનીશ કમિશનર
(આ.વિ.) અમદાવાદ

માહિતી/૨૦૧૮/૧૫-૧૬

નૂતન વર્ષાભિનંદન...
હાર્દિક શુભેચ્છા સહ...
ફોન : ૦૨૭૪૯ : ૨૬૨૪૭૦, ૨૬૨૧૭૦
મો. : ૯૭૨૫૩૯૪૮૦૫, ૮૧૪૧૭૫૦૦૭૫, ૯૮૯૮૭૫૦૦૭૫
Hotel Sunrise PALACE
હોટલ સનરાઈઝ પેલેસ
અંબાજી મંદિર પાસે, અંબાજી - ૩૮૫૧૧૦
www.hotelsunrisepalace.com
Info@hotelsunrisepalace.com

નૂતન વર્ષાભિનંદન
હાર્દિક શુભેચ્છા સહ
આપ સૌના અને આપના પરિવારજનોના જીવનમાં નૂતન વર્ષ સુખ, શાંતિ અને સમૃદ્ધિના કિરણોની આશા ઝગમગાવતુ રહે તેવી શુભકામના સહ...
ધી જય અંબે નાગરિક શરાફી સહકારી મંડળી લિ., અંબાજી
કોટેજ હોસ્પિટલ રોડ, ભાટવાસ, અંબાજી, તા. દાંતા
મહેન્દ્રકુમાર અંબાલાલ પંડ્યા (વાઈસ ચેરમેન) | બકુલેશ રમણલાલ શુક્લ (મેનેજિંગ ડીરેક્ટર) | શિવરામભાઈ લચ્છીરામભાઈ જોષી (ચેરમેન)
તમામ ડીરેક્ટશ્રીઓ તેમજ કર્મચારીગણ

નૂતન વર્ષાભિનંદન...
હાર્દિક શુભેચ્છા સહ...
આપ સૌના અને આપના પરિવારજનોના જીવનમાં નૂતન વર્ષ સુખ, શાંતિ અને સમૃદ્ધિના કિરણોની આશા ઝગમગાવતું રહે તેવી શુભકામના સહ...
શુભ પ્લાઝા
અંબાજી
શુભ પ્લાઝા, અંબાજી, તા. દાંતા

નૂતન વર્ષાભિનંદન...
હાર્દિક શુભેચ્છા સહ...
કુંભારીયા
ગ્રુપ ગ્રામ પંચાયત
મુ. કુંભારીયા, તા. દાંતા, જિ. બ.કાં.
● કન્યા કેળવણીને ઉત્તેજન આપો...
● આપણું ગામ સ્વચ્છ ગામ બનાવો...
● પંચાયત વેરાઓ નિયમિત ભરો...
પરમાર ગોવાભાઈ એબાભાઈ (ઉપ સરપંચશ્રી) | ડી.આર. દેસાઈ (તલાટી કમ મંત્રીશ્રી) | રબારી લાલીબેન જોરાજી (સરપંચશ્રી)
તથા સદસ્યશ્રીઓ અને કર્મચારીગણ

ધાનેરા વિસ્તારના ''ગાંધીનગર સમાચાર''ના વાંચકો, વિજ્ઞાપનદાતાઓને દિપાવલી, નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ સહ...

-: સંપર્ક :-
ભરત બી. પરમાર
: પ્રતિનિધિ :
ગાંધીનગર સમાચાર દૈનિક, ધાનેરા
મો. નં. ૮૪૮૮૦૦૨૩૦૦, ૯૯૦૪૦૭૮૯૭૯
આઈ પાન પાર્લર, યુનિયન બેંક સામે
રાયચંદ સ્વરાજ હોસ્પિટલ પાસે, સ્ટેશન રોડ ધાનેરા